# આજે દિવાળી નવા વિચારોની શરૂઆત સાથે નગરમાં તેજોમય પ્રકાશ પથરાશે

**નગરના મંદિરોમાં દેવદર્શન માટે ભીડભાડ જોવા મળશે : જુની કડવી વાતો ભુલી પ્રેમ અને ભાઇચારાની ભાવના સાથે હેપ્પી દિવાલીનો સંદેશો પાઠવશે : વેપારીઓ ચોપડા પુજન કરશે : દિવડાઓની દિપમાળા સાથે રંગબેરંગી રોશનીનો ઉજાસ પથરાશે : બજારમાં પણ ભીડ રહેશે**

ગાંધીનગર તા ૨૯

અંધકારમાંથી ઉજાસ તરફ લઇ જતા દિપાવલીના પર્વમાં સેકટરોમાં દિવડાઓની હારમાળા વચ્ચે રંગબેરંગી રોશનીનો જગમગાટ જોવા મળે છે. આજે દિવાળી દિવડાઓના દિવ્ય પ્રકાશ વચ્ચે નવા વિચારોની સાથે નવી દિશામાં પ્રયાણ કરવાનો અવસર. આજે દિવાળીના દિવસે નગરના દેવસ્થાનોમાં પણ ભીડભાડ જોવા મળશે. નગરજનો દેવદર્શન કરી ભગવાનની સાક્ષીએ મનમાં ભરાયેલી ગંદકી દુર કરવા માટે પણ માફી અર્ચના માંગશે. દિવાળીના પર્વમાં દિપડાઓનુ વિશેષ મહત્વ હોવાથી સેકટરોમાં જગમગતા દિવડાઓની સાથે રંગીન રોશનનો પ્રકાશ પથરાયેલો જોવા મળશે. જયારે વેપારીઓ ચોપડા પુજન કરી વેપાર ધંધામાં મીની વેકેશન માંણશે. બીજા દિવસે નવા વર્ષને વેલકમ કરવા માટે રાત્રિના આંતશબાજીનો ધમધમાટ પણ ભવ્ય બની રહેશે.

દિવાળી પર્વના પ્રત્યેક દિવસોનુ વિશેષ મહત્વ હોય છે. અગિયારસથી લઇ વાઘ બારસ અને ધનતેરસના દિવસોમાં ગૌ રક્ષા સાથે ધનપુજન થાય છે. જયારે કાળીચૌદશના દિવસે આજે હનુમાનજીની પુજા અર્ચના કરવા માટે ભાવિકોની મંદિરોમાં ભીડ જામી હતી. આવતીકાલે દિવાળીના પર્વને વધાવવા માટે પણ નગરજનો ઉત્સુક બન્યા છે. દિવાળીના પર્વમાં સમગ્ર શહેર દિવડાઓની દિપમાળા સાથે નિખરી ઉઠશે. દિપાવલીના નામ મુજબ તહેવારને સાર્થક કરતા દિવસે દિવડાઓનો તેજોમય પ્રકાશ પથરાશે. જુની કડવાશ દુર કરી નવા સંબંધો પારિવારિક ભાવના તેમજ પરસ્પર પ્રેમ અને ભાઈચારાનો સંદેશો આપતા પર્વની ઉજવણીમાં સેકટરાની શેરીઓમાં અનોખો ઉજાસ પથરાશે દિવાળીના પર્વ દરમિયાન વર્ષ દરમિયાન કરેલી ભુલોનો એકરાર કરવાની ભાવના સાથે નગરના મંદિરોમાં પણ ભાવિકોની ભીડભાડ જોવા મળશે. નવા વિચારો સાથે નવા વર્ષની શુભ શરૂઆત કરવાની ભાવના સાથે મનને ચોખ્ખુ કરવા પણ નગરજનો જુની કડવાશને અલવિદા કરશે. દિવાળીના પર્વમાં સેકટરોની શેરીઓથી લઇ નગરના મંદિરોમાં પણ દિવડાઓની હારમાળા સાથે રોશનની દિવ્ય ઉજાસ પથરાયેલો જોવા મળશે. વેપારીઓ માટે પણ દિવાળી પર્વના દિવસે ચોપડા પુજન કરવાનુ મહત્વ હોય છે. વેપારીઓ ચોપડા પુજન કરી વેપાર ધંધાની પ્રગતિ માટે પ્રાર્થના કરશે. જયારે ત્યારબાદ બજાર પાંચમ તેમજ સાતમના રોજ ખુલ્લુ મુકાતા દિવાળી પર્વના દિવસે બજારમાં ભારેભીડ જોવા મળશે.

# તમસો માં જ્યોતિર્ગમય....



પરમ તેજે તું લઈ જા... અંધકારમાંથી ઉજાસ તરફ લઈ જતાં દિપાવલીના દૈદિવ્યમાન પર્વમાં સેક્ટરોમાં દિવડાઓની સાથે રંગબેરંગી રોશનીની સજાવટ જોવા મળે છે. સેક્ટરની શેરીઓમાં અંધકાર ઉલેચવાની સાથે પ્રકાશ પથરાય છે. તથા વર્ષને વેલકમ કરવાની સાથે નવા વિચારોની શરૂઆત કરવાના અભિગમ સાથે દિવાળીનું પર્વ નવી દિશા ચિંધનાર બની રહે છે. દિવડાઓના દિવ્ય પ્રકાશ વચ્ચે અંધકારની ગર્તામાંથી ઉગારવાની રાહતે અંગુલી નિર્દેશ કરતા દિપોત્સવમાં શાંતિ, પ્રેમ, ભાઇચારા અને એકમેકને માફ કરવાની ભાવના મુખ્ય છે. બાહ્યજગતમાં અજવાળુ પાથરતા દિપકની હારમાળાના સથવારે આંતરમનની સાત્વિક ઉર્જા જાગૃત કરવાનો અવસર એટલે દિપાવલી. અક્ષરધામમાં દર વર્ષે દિપાવલી પર્વના દિવસોમાં આવો જ તેજોમય પ્રકાશ પથરાય છે. સમગ્ર અક્ષરધામ સંકુલ દિવડાઓની દિપમાળાના દિવ્ય ઓજસથી નિખરી ઉઠે છે. ૧૦ હજારથી વધુ દિવડાઓનો જગમગાટ પથરાય છે. દિપમાળાથી વધુ દિવ્ય અને ભવ્ય ભાસતા અક્ષરધામસંકુલમાં અનોખો નયનરમ્ય નઝારો સર્જાય છે. દિપાવલીના પર્વમાં દિવ્ય પ્રકાશની અનુભૂતિ કરવા માટે ભાવિકો પણ ઉત્સુક બન્યા છે.

# સેક્ટર-૫, ૨૩, ૨૮ અને ૨૯માંથી ડેન્ગ્યુના કેસ મળ્યા

## ડેન્ગ્યુના દર્દીઓની કુલ સંખ્યા ૮૭ પર પહોંચી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના વધુ ૪ કેસ છેલ્લા બે દિવસમાં મળી આવ્યા છે. આ સાથે ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા ૮૭ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આ ચારેય કેસ યુવાનોના છે અને તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તંત્ર દ્વારા દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ કરી અને એન્ટીલારવેલની કામગીરી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના સે. ૫, ૨૩, ૨૮ અને ૨૯માંથી આ કેસ મળી આવ્યા છે. સે. ૫, ૭ અને ૨૩માંથી મળી રહેલા છુટા છવાયા કેસોથી તંત્ર વધુ ચિંતીત બન્યુ છે. આ વખતે નવા સેક્ટરોમાં કેસો વધુ જોવા મળ્યા છે. આ ઉપરાંત યુવાવર્ગમાં આ રોગના લક્ષણો વધુ જોવા મળ્યા છે.

આ રોગના મચ્છરો વહેલી સવારે વધારે કરડતા હોય છે તેમજ ડે બાયટર તરીકે પણ એડીસ મચ્છરો ઓળખાતા રહ્યા છે. ગાંધીનગર શહેરમાંથી મોટાભાગના યુવાનો અમદાવાદ વધુ જતા હોવાથી તેઓ આ વખતે વધુ રોગના વાહક બન્યા હોવાનું મનાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેરને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ શહેરોની યાદીમાં મુકવામાં આવેલ હતુ અને તંત્રએ પોરાનાશક કામગીરી પર આ વખતે સૌથી વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ. જો કે છુટાછવાયા કેસોને લઈ તંત્ર આ સિઝનમાં સતત દોડતુ રહ્યુ છે.

## લિંમ્બચ માતાજી ધામ ખાતે નૂતનવર્ષ નિમિતે મહાઆરતી યોજાશે

ગાંધીનગર, તા.૨૯

નૂતનવર્ષ નિમિતે સેકટર-૧૩ સ્થિત શ્રી લિંમ્બચ માતાજી મંદિર ગાંધીનગર ખાતે સવારે ૯.૪૫ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો તેમજ નાગરીકોને હાજર રહેવા પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.



## ડભોડીયા હનુમાનદાદાના દર્શનાર્થે માનવ મહેરામણ ઉમટ્યુ

કાળીચૌદશ અને શનિવારના શુભ સંયોગનો સમન્વય શ્રદ્ધાળુઓમાં આસ્થાનું કેન્દ્ર બન્યું હતુ. અને ચિલોડા નજીક ડભોડામાં હનુમાન દાદાના મંદિરે દર્શનાર્થે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. સાડા ત્રણ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ડભોળીયાદાદાના દર્શન કરી ધન્ય બન્યા હતા. વધુમાં દાદાને તેલ ચઢાવવાનો મહિમા હોવાથી ૭૫૦ થી વધુ તેલના ડબ્બાનો અભિષેક થયો હતો. દર્શનાર્થીઓને ૫ હજાર કિલોથી વધુ બંધુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. અંધશ્રદ્ધાને ભગાવવાના દર્શનથી દૂર કરવાની શ્રદ્ધા ધરાવતો બહોળો વર્ગ કાળા દોરા, તાવીજ વગેરેની ખરીદીમાં વ્યસ્ત બની હનુમાનદાદાના નામથી સરીર ઉપર ધારણ કરતા જોવા મળ્યા હતા. ભજન સંત્સંગ અને શ્રી રામની ધૂનથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

## ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસની ચૂંટણી સંપન્ન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસની ચૂંટણી ગત તા. ૨૨, ૨૩, ૨૬ ઓકટોબર ૨૦૧૬ એમ ત્રણ દિવસ યોજાઈ હતી. જેમાં ૧૦૯૮માંથી ૬૭૯ મત મેળવી મહુંદરા ગામના વતની અને વ્યવસાયે વકીલ એવા શ્રી જીતેન્દ્રસિંહ સોલંકી ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ પદે વિજેતા જાહેર કરાયા હતા. જયારે ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસના મહામંત્રી પદે શિવનાથસિંહ રાઠોડ (૩૦૯ મત), રોનક ચૌધરી (૨૭૮ મત), મહોમ્મદ રફીક યાકુબભાઈ મનસુરી (૧૭૦ મત), યુવરાજસિંહ ગોલ (૧૨૦ મત) ચૂંટાઈ આવ્યા હતા. ઉપરાંત દહેગામ વિધાનસભા યુથ કોંગ્રેસના પ્રમુખ પદે ફૂલસિંહ ઝાલા (૨૩૭ મત), ગાંધીનગર દક્ષિણ વિધાનસભા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ પદે જિગર ઠાકોર (૮૭ મત), માણસા વિધાનસભાના પ્રમુખ પદે ગોવિંદજી ઠાકોર (૨૯૯), ઉપપ્રમુખ પદે ચૌધરી નરેશ (૯૪), મહામંત્રી પદે શૈલેન્દ્રસિંહ વાઘેલા (૫૯), મહામંત્રી પદે વિપુલ દેસાઈ (૫૨) ચૂંટાઈ આવ્યા હતા.

# બોર્ડ-નિગમના કર્મચારીઓ દિવાળી ઉજવી નહી શકે..?

**સરકાર દ્વારા ૭માં પગાર પંચનો લાભ નહીં મળતા કર્મચારીઓ નારાજ**

ગાંધીનગર, તા.૨૯

બોર્ડ નિગમ સરકારી સાહસો, ગ્રાંટ ઈન એઈડ સંસ્થાના લાખો કર્મચારીઓનો દિવાળી ઉજવણીનો મુડ ઓફ થઈ ગયો છે. રાજય સરકારના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપ્યો છે. પરંતુ બોર્ડ નિગમમાં કામ કરતા અંદાજે ૨ લાખથી વધુ કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ નહી મળતા અધિકારીગણ અને કર્મચારીઓમાં નિરાશા પ્રવર્તી છે.

બોર્ડ-નિગમ સરકારી સાહસો, ગ્રાંટ ઈન એઈડ સંસ્થા મહામંડળના પ્રમુખ પ્રવિણ એમ સુતરીયા તથા રામસિંહ પરમાર જણાવે છે કે રાજય સરકાર સૌનો સાથ સૌનો વિકાસની વાતો કરે છે પરંતુ રાજયના કર્મચારીઓ પગારપંચનો લાભ આપ્યો છે પરંતુ બોર્ડનિગમના બે લાખથી વધુ કર્મચારીઓને ૭માં પગારપંચનો લાભ નહી આપીને હળહળતો અન્યાય કર્યો છે. સરકારની ભેદભાવવાળી નિતિનો ભોગ કર્મચારીઓ બન્યા છે. રાજય સરકારની તમામ મહત્વાકાંક્ષી યોજનાઓ બોર્ડ નિગમો દ્વારા જ સાકાર કરવામાં આવે છે. તેમાં બોર્ડ નિગમના લાખો કર્મચારીઓની મહેનત અને પરસેવો છુપાયેલો છે. આ બોર્ડ નિગમોમાં પક્ષના કાર્યકરો ચેરમેન અને વાઈસ ચેરમેન ડિરેક્ટર જેવા પદો મેળવી તેમની આજીવીકા અને મોજશોખ પુરા કરે છે. ત્યારે સતત ૨૪ કલાક કામ મહેનત કરી મહેનતાણુ માંગતા કર્મચારીઓને રાજય સરકાર અન્યાય કરે છે. ત્યારે બોર્ડ નિગમના કર્મચારીઓના લાખો પરિવાર સરકારની આ નિતિનો વિરોધ કરી આ વર્ષે દિવાળી નહી ઉજવવાનો નિર્ણય કરી રાજય સરકારને કરોડો રૂપિયાનો ફાયદો કરી આપશે. જેથી સરકારના આર્થિક સ્થિતિમાં સુધારો થાય અને બોર્ડ નિગમના કર્મચારીઓના આગામી તહેવારો સુધરે અત્યારે સરકારની નિતીનો ભોગ બનેલા નિરાધાર પરિવારો સાતમાં પગાર પંચની કાગડોળે રાહ જોઈને બેઠા છે.

## સરઢવ હવેલીનો શતાબ્દી પર્વ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે શ્રીનાથજીની હવેલીની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં શતાબ્દી વર્ષની ઉજવણી કરવામાં આવી છે.

સરઢવ ખાતેની આ હવેલીની શતાબ્દીની ઉજવણી પ્રસંગે વૈષ્ણવ સંપ્રદાયના શ્રેષ્ઠીઓ મોટી સંખ્યામાં શોભાયાત્રામાં તેમજ વ્રજકમળ મનોરથ અને દિપમાળાના યોજાયેલા કાર્યક્રમમાં જોડાયા હતા. આ શતાબ્દી મહોત્સવમાં આશિષ શાહ, મનીષ શાહ, વિદ્યુત શાહ, સુરેશ શાહ, પ્રકાશ શાહ, હેમંત શાહ, ચેતન શાહ, સહિતના વૈષ્ણવ સંપ્રદાયના અગ્રણીઓ જોડાયા હતા. મુખ્યાજીના પરિવારે સૌનું સ્વાગત કર્યું હતું તેમજ હવેલીનો શ્રૃંગાર કર્યો હતો.

# બાઈક સ્લિપ થતાં ઘવાયેલા ન્યુરોસાયકોલોજીનાં વિદ્યાર્થીનું મૃત્યુ

**નવરાત્રીમાં બે મિત્રો બાઇક પર ગરબા જોવા આવતા હતા ત્યારે કોબા નજીક કમલમ સામે બાઇક થઇ ગઇ હતી: ૨૦ દિવસથી હોસ્પિટલાઇઝ્ડ યુવાને આખરે રાત્રે દમ તોડ્યો**

ગાંધીનગર, તા.૨૯

નવરાત્રી દરમ્યાન આઠમે રાત્રે ગરબા જોવા ગાંધીનગર આવી રહેલા ન્યુરો સાયકોલોજીનાં બે વિધ્યાર્થી મિત્રોને રાત્રે કોબા નજીક અકસ્માત નડ્યો હતો. કમલમ સામે બાઈક સ્લિપ થઈ જતા બંને મિત્રો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ૨૦ દિવસથી એપોલો હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા પટનાનાં એક વિધ્યાર્થીનું ગઇ રાત્રે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યુ હતુ. ઈન્ફોસિટી પોલીસે આ મામલે બાઈકચાલક મિત્ર સામે ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ એચ.એસ.એલ યુનિવર્સિટીમાં એમ.એસ.સી ન્યુરો સાયકોલોજીમાં ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા બે વિધ્યાર્થી મિત્રો હિમાંશુ અશોકભાઈ ઠક્કર (રહે.ભુજ) અને ૨૩ વર્ષિય આશિષ સંજયભાઈ મહેતા (રહે.પટના, બિહાર) નવરાત્રીમાં આઠમે રાત્રે ગાંધીનગર ગરબા જોવા બાઈક લઇને આવી રહ્યા હતા. બાઈક નં.જીજે ૧૨ સી.ક્યુ ૧૯૯૬ લઈને નિકળેલા બે મિત્રોને કોબા નજીક કમલમ સામે બાઈક સ્લિપ થઈ જતા અકસ્માત નડ્યો હતો. બાઈક હિમાંશુ ચલાવી રહ્યો હતો અને તેને પગે ફ્રેક્ચર થઈ ગયુ હતુ. જ્યારે પાછળ બેઠેલા આશિષને ગંભીર ઈજાઓ થતા બેભાન હાલતમાં એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ૨૦ દિવસથી હોસ્પિટલમાં દાખલ આશિષનું ગઈ રાત્રે હોસ્પિટલમાં જ સારવાર દરમ્યાન પ્રાણપંખેરુ ઉડી ગયુ હતુ. ઈન્ફોસિટી પોલીસે મૃતકનાં પિતા સંજયભાઈની ફરિયાદને આધારે બાઈકચાલક હિમાંશુ સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.



જય હનુમાન... કાળીચૌદશની સંધ્યાએ સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે કષ્ટભંજન હનુમાનજીનું પૂજન - અર્ચન યોજાયું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ હનુમાન ચાલીસાના સામૂહિક પાઠ દિવ્ય વાતાવરણ સર્જાયું હતું. સુંદરકાંડ પાઠ અને હનુમાનજીની આરતી દરમિયાન સૌના મનમાં એક જ પંક્તિ ગુંજતી હતી 'નાસે રોગ હરે સબ પીરા જપત નિરંતર હનુમંત વિરા...' પૂ. હરિકૃષ્ણ શાસ્ત્રીએ આ પ્રસંગે હનુમાનજીની ચરિત્ર ગાથા ભાવિકોને આશીર્વચન પાઠવ્યા હતા.

# વાવોલમાં ભાડે આપેલી દુકાન ખાલી કરાવવા બાબતે બબાલ

## સે-૭ પોલીસ મથકમાં એટ્રોસીટીની ફરિયાદ નોંધાઇ

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામનાં સિધ્ધાર્થ હોમ્સમાં રહેતા વિનોદભાઈ બચોલીપ્રસાદ ગરાસિયાને વાવોલ ખાતે સિધ્ધાર્થ સ્ટેટસમાં દુકાન છે. આ દુકાન હરિનગર સોસાયટીમાં રહેતા દિપીકાબેન પ્રગ્નેશભાઈ શ્રીમાળીને ભાડે આપી હતી. આ દુકાન ખાલી કરાવવાની બાબતે ગઈ કાલે બપોરે બોલાચાલી થઈ હતી. આ બબાલ બાદ જાતિ વિરુધ્ધ અપમાનજનક શબ્દો ઉચ્ચારવા બદલ દિપીકાબેને વિનોદભાઈ અને તેમના પત્નિ કામીનીબેન બંને સામે એટ્રોસીટી એક્ટ હેઠફ ફરિયાદ આપતા સે-૭ પોલીસે ગુનો દાખલ કરી એસ. સી. એસ.ટી સેલનાં ડીવાયએસપીએ તપાસ શરુ કરી છે.